દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શનિવાર ૨ ઓગસ્ટ, ૨૦૨૫

# ટોલના નામે રોજ 163 કરોડની ઉઘરાણી થાય છે પણ હાઈવેના ખાડાઓ પુરાતા નથી

વ્યાપક ભ્રષ્ટાચાર અને નબળી નેતાગીરીનો ભોગ દેશના નાગરિકો બની રહ્યા છે. ભારતના નાગરિકો પાસેથી ટેક્સના નામે એવું કહી શકાય કે જાણે લૂંટ ચાલી રહી છે. સરકારે એટલા સ્તરે અને લેવલે ટેક્સ નાંખ્યો છે કે નાગરિક ટેક્સ ભરવામાં જ પાયમાલ થઈ જાય અને તેમાં પણ ટેક્સ ભર્યા બાદ પણ જેના માટે ટેક્સ ભર્યો તે સુવિધા જ નહીં મળે તો કોને જઈને કહેવું? તાજેતરમાં સંસદમાં દેશના કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ માહિતી આપી કે ભારતમાં ટોલટેક્સ રૂપે તમામ ટોલ પ્લાઝા પરથી દૈનિક 168 કરોડ રૂપિયાની કમાણી કરવામાં આવે છે. સાચું કહેવામાં આવે તો આ એક પ્રકારની ઉઘરાણી જ છે. કારણ કે જેણે આ રસ્તા પરથી પસાર થવું હોય તેણે ટોલટેક્સ આપ્યા વિના છૂટકો નથી. ચાલો, ટોલટેક્સ ભરવામાં પણ વાંધો નથી. પરંતુ ટોલટેક્સ લીધા બાદ તેના કોન્ટ્રાક્ટરો કે સરકાર દ્વારા રસ્તાઓની એવી હાલત રાખવામાં આવે છે કે વાહનચાલકની કમર તૂટી જાય. એવું નથી કે જૂના રસ્તાઓની આ હાલત છે.

નવા બનેલા રસ્તાઓ પણ આવી જ હાલત છે. ટોલનાકાનો કોન્ટ્રાક્ટ ધરાવતી એજન્સીઓ માત્ર ટોલની ઉઘરાણીમાં જ ધ્યાન રાખે છે પરંતુ રસ્તાઓ સારા રાખવાની જવાબદારી નિભાવતી નથી. થોડા વર્ષો પહેલા જ ખુલ્લા મુકવામાં આવેલા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેની પણ આવી જ હાલત છે. કહેવાય કે આ એક્સપ્રેસ વે છે પરંતુ તેના પર વાહનો ઉછળકૂદ કરતાં ચાલે છે. જે અકસ્માત સર્જે તેવી ભીતિ છે.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ આપેલી માહિતી પ્રમાણે, એક જ વર્ષમાં ટોલનાકાઓ પરથી થતી કમાણીનો આંક 61 હજાર કરોડ કરતાં પણ વધારે છે. વર્ષ 2024-25માં ટોલનાકાઓ પરની કુલ આવક 61408 રકરોડ હતી. જેમાં જાહેર ભંડોળથી ચાલતા ટોલનાકા પર 28823 કરોડ અને ખાનગી ઓપરેટરો દ્વારા ચાલતા ટોલનાકા પરની આવક 32584 કરોડ હતી. કેન્દ્રીય મંત્રીએ એવી જાહેરાત કરી હતી કે ટોલનાકા પર વસૂલીથી મળેલા નાણાં સેન્ટ્રલ કોન્સોલિડેટેડ ફંડમાં જાય છે અને આ નાણાંનો ઉપયોગ નવા રસ્તાઓ બનાવવામાં અને રિપેરિંગ કરવામાં આવે છે. જોકે, દરેક વાહનચાલકને જે અનુભવ થાય છે તે બતાવે છે કે આ નાણાંનો ઉપયોગ રસ્તાઓના રિપેર કરવા માટે થતો હોય તેવું ક્યાંય દેખાતું નથી. માત્ર દક્ષિણ ગુજરાતની જ વાત કરવામાં આવે તો વડોદરાથી મનોર સુધી જવામાં વાહનચાલકોને પરસેવો પડી જાય છે. કલાકોના અને લાંબા ટ્રાફિક જામ થાય છે. રસ્તાઓ પર ખાડાઓ પડી ગયા છે. વાહનો ઝડપથી ચાલી શકતા નથી.

ટોલટેક્સ લેવો છે પરંતુ ખાડાઓ ઝડપથી રિપેર કરવા નથી. સરકાર ફાસ્ટેગના બહાને વાહનચાલકોને બાનમાં લઈને ટોલટેક્સની ઉઘરાણી તો કરી લે છે પરંતુ સામે સુવિધાઓ ઊભી કરવામાં આવતી જ નથી. ખાનગી એજન્સીઓ તો હાથ ઉંચા કરવામાં જ હોંશિયાર છે અને વાહનચાલકો માટે ખાડામાંથી પસાર થવા સિવાયનો કોઈ જ છૂટકો નથી.

તેમાં પણ સરકાર એક એવો નવો નિયમ લાવી છે કે ફાસ્ટેગને વિન્ડસ્ક્રીન પર લગાડેલું રાખવું. પરંતુ એ સ્પષ્ટતા નથી કે જો વિન્ડસ્ક્રીન બદલવાનો સંજોગ આવે તો તેવા સંજોગોમાં ફાસ્ટેગનું શું કરવું? વિન્ડસ્ક્રીન નવી આવી જાય છે પરંતુ જૂનો ફાસ્ટેગ અપડેટ કરવો અઘરો છે. નવો ફાસ્ટેગ લેવો પડે છે. સરકારે ખરેખર સરળતાઓ ઊભી કરવી જોઈએ પરંતુ તે થતી નથી.

ટોલનાકા પર ટોલટેક્સ માટે જો કોઈ સારૂં કામ થયું હોય તો તે એટલું જ છે કે વાર્ષિક ફાસ્ટેગ રિચાર્જ કરાવવાની નવી યોજના. આ યોજના ખરેખર સારી છે. પરંતુ ટોલનાકા પર આટલી મોટી આવક બાદ સરકારે એ સુનિશ્ચિત કરવું જ જોઈએ કે હાઈવેના રસ્તાઓની હાલત સુધારવામાં આવે. રસ્તાઓ સારા જ રહે અને કોઈ જ સમસ્યા આવવી જોઈએ નહીં. આમ થશે તો જ વાહનચાલકોએ ચૂકવેલા ટોલટેક્સનો હેતુ સાર્થક ઠરશે તે નક્કી છે.

## ખુદને રિચાર્જ કરો

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

મિસ્ટર કપૂર ખૂબ જ સફળ બિઝી બિઝનેસમેન હતા, એકદમ શૂન્યમાંથી સર્જન કર્યું હતું અને પોતાની સફળતા વિશે મોટીવેશનલ સેમિનારમાં ગેસ્ટ સ્પીકર તરીકે સ્પીચ આપતા અને અને મોટીવેશનલ બ્લોગ પણ લખતા હતા.

ભાગ્યે જ કોઈ પાર્ટીમાં હાજરી આપતા મિસ્ટર કપૂરે પોતે એક દિવસ સાંજે નાનકડી નજીકના મિત્રોની મહેફિલ ગોઠવી અને સમયસર બધાને આવકારવા તૈયાર હતા. બધા મિત્રો આવી ગયા, એક મિત્રએ તો આવતાની સાથે જ પૂછ્યું, ‘બિઝી બિઝનેસમેન મિસ્ટર કપૂર તો કોઈ પાર્ટીમાં આવવાનો સમય નથી ને આજે આ પાર્ટી તેમના તરફથી શું વાત છે?’ મિસ્ટર કપૂર બોલ્યા, ‘દોસ્ત આ પાર્ટી નથી, નજીકના દોસ્તોની મહેફિલ છે જેમના માટે હું બિઝનેસમેન મિસ્ટર કપૂર નથી તેમનો મિત્ર છું. મેં પહેલીવાર આવી કોઈ ગોઠવણ કરી છે તેનું ખાસ કારણ છે.’ બધા મિત્રો કારણ જાણવા આતુર બન્યા. મિસ્ટર કપૂરે કહ્યું, ‘પાર્ટીનું કારણ છે મારે રિચાર્જ થવું છે.’ મિત્રો હસ્યા, એક મિત્રે હસતા હસતા કહ્યું, ‘દોસ્ત, મોબાઈલ કે લેપટોપને રિચાર્જ કરવાના હોય તારે રિચાર્જ થવું છે એટલે વળી શું?’ મિસ્ટર કપૂરે હસીને જવાબ આપ્યો, ‘હા આપણે બધા આપણા નાના-મોટા દરેક ઈલેક્ટ્રોનિક ગેજેટ્સને યાદ રાખીને બરાબર રિચાર્જ કરીએ છીએ પણ પોતાને રિચાર્જ કરવાનું વિચારતા પણ નથી. આ ખોટું છે, પોતાને રિચાર્જ કરતા રહેવું જોઈએ.’ એક સ્ત્રી મિત્ર બોલી, ‘શું આ રિચાર્જ થવું એટલે શું કોઈ નવી ટ્રીટમેન્ટ છે?’ મિસ્ટર કપૂરે કહ્યું, ‘હા, ટ્રીટમેન્ટ નહીં પણ મેં શોધેલી ખુદને રિચાર્જ કરવાની ટેકનીક છે. આપણે બધા બીઝી લાઈફ જીવીએ છીએ અને સતત કામના બોજા હેઠળ અને સાથે આવતા સ્ટ્રેસથી ઘેરાયેલા રહીએ છીએ. આપણે સતત દોડીએ છીએ, કંટાળીએ છીએ, થાકીએ છીએ છતાં અટકતા નથી. દોડવાનું છોડતાં નથી અને એટલે ઘણું બધું પાછળ રહી જાય છે કદાચ આપણે પોતે પણ પોતાને શું ગમે છે? મનગમતું શું છે? કોની સાથે સમય વિતાવવો ગમે છે? એ બધું વિચારવાનો સમય જ નથી. આ થાકેલા મનને ફરી રિચાર્જ કરવાની ટેકનીક મેં શોધી લીધી છે. તે ટેકનીક છે ‘ખુદને રિચાર્જ કરો’ મિત્રોને રસ પડ્યો એક જણે પૂછ્યું, ‘શું ટેકનીક છે એમાં શું કરવાનું?’ મિસ્ટર કપૂરે કહ્યું, ‘અઠવાડિયામાં કે મહિનામાં એક દિવસ રજાનો નહીં પણ રીચાર્જનો પણ રાખવો. શું કરવું તેનો કોઈ નિયમ કે માપદંડ નથી પણ ખુદને રિચાર્જ કરવા ખુદની અંદર જોઇને શોધવું કે તમને શું ગમે છે તે પ્રવુત્તિઓ કરવી. દાખલા તરીકે મને પ્રકૃતિ ગમે છે, મિત્રોની મહેફિલ ગમે છે, એક ગરમ કપ કોફી અને પુસ્તક વાંચવું ગમે છે. વરસાદમાં ભીંજાવું અને ગરમ મકાઈ ખાવી ગમે છે. હું મને મનગમતું કોઇપણ એક કાર્ય મારા રિચાર્જ માટે કરું છું અને એટલે જ આજની મહેફિલ ગોઠવી છે. તમને જે ગમે તે તમે કરો અને જાતને રિચાર્જ કરતા રહો.’ મિસ્ટર કપૂરની વાત બધાને સમજાઈ ગઈ અને પછી તો મિત્રોની મહેફિલ જામી અને બધા એકમેકના સાથથી રિચાર્જ થયા. મનગમતું કઈંક ખાસ નાનું મોટું કાર્ય કરો અને ખુદને રિચાર્જ કરતા રહો.

# મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન ખતમ ક્યારે થશે?

## રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

**મણિપુરમાં આ બહુ વિચિત્ર સ્થિતિ છે. ભાજપ માટે જ નહીં, મણિપુર માટે જ નહીં પણ દેશ માટે. મણિપુરમાં છેલ્લા બે વર્ષથી જાતીય હિંસાનો દોર શરૂ થયો એ પૂરો થતો નથી. 60,000થી વધુ લોકો રાહત કેમ્પમાં રહે છે**

મણિપુરમાં શું બની રહ્યું છે એ ભારતની બાકીની પ્રજાને પૂરી ખબર નથી અને કદાચ ઈશાન રાજ્યોને બાદ કરતા અન્ય પ્રદેશોની પ્રજાને શું બની રહ્યું છે એ જાણવાની પડી પણ નથી. નહીં તો કેન્દ્ર સરકાર મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન વધુ છ મહિના લંબાવવાનો નિર્ણય ના કરી શકી હોત અને ભાજપની દુવિધા એ છે કે, મણિપુરમાં ભાજપ સંખ્યાબળની દષ્ટિએ નંબર વન છે અને છતાં મુખ્યમંત્રી માટે કોઈની પસંદગી કરી શકતો નથી. આ બહુ વિચિત્ર સ્થિતિ છે. ભાજપ માટે જ નહીં , મણિપુર માટે જ નહીં પણ દેશ માટે. મણિપુરમાં છેલ્લા બે વર્ષથી જાતીય હિંસાનો દોર શરૂ થયો એ પૂરો થતો નથી. કુકી અને મૈતઈ સમાજ વચ્ચે હિંસા થઈ એ હજુ ય ચાલુ છે અને 60,000થી વધુ લોકો રાહત કેમ્પમાં રહે છે. મણિપુરમાં મે, 2023 થી શરૂ થયેલી કુકી અને મૈતઈ સમુદાયો વચ્ચેની વંશીય હિંસામાં 250 થી વધુ લોકોના મોત થયા છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હજુ પણ તંગ છે અને આજ કારણે ભાજપ સરકારના મુખ્યમંત્રી એન બીરેનસિંહે આખરે રાજીનામું આપવું પડ્યું હતું અને બાદમાં ગઈ 13 ફેબ્રુઆરીએ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું.

આ રાજ્યમાં એક નહીં અનેક સમસ્યા છે. રાજ્યમાં 6,000 થી વધુ પોલીસ હથિયારોની ચોરી થઈ છે, જે સુરક્ષા માટે ગંભીર ચિંતાનો વિષય છે. એટલું જ નહીં રાજ્યના મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગો જે ઈમ્ફાલ ખીણને નાગાલેન્ડ અને આસામ સાથે જોડે છે, તે કુકી વસ્તીવાળા વિસ્તારોમાંથી પસાર થાય છે. મે 2023 થી ખીણના મૈતઈ રહેવાસીઓ આ હાઈવેનો ઉપયોગ કરી શક્યા નથી, જેના કારણે પુરવઠા અને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. પરિણામે રાહત કેમ્પોમાં રહેતા લોકોની મુશ્કેલી વધી છે. દોઢ બે વરસથી તેઓ રાહત કેમ્પમાં રહે છે.

મણિપુર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ કે. મેઘાચંદ્ર સિંહે રાષ્ટ્રપતિ શાસનના વિસ્તરણની ટીકા કરી છે. તેમણે આ પગલાને ‘લોકશાહી મૂલ્યો અને બંધારણમાં સમાવિષ્ટ સંઘીય ભાવના પર ગંભીર ફટકો’ ગણાવ્યો છે. તેમનું કહેવું છે કે ભાજપ બહુમતી હોવા છતાં સક્ષમ નેતા પસંદ કરવામાં નિષ્ફળ રહ્યું છે, જેના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. એમની વાત સાવ સાચી છે કારણ કે, ભાજપ માટે એવો કોઈ નેતા શોધવો અત્યંત મુશ્કેલ બની ગયું છે જે બંને સમુદાયોને સ્વીકાર્ય હોય. સંખ્યાબળની દષ્ટિએ ભાજપ મજબૂત છે. 60 ધારાસભ્યોમાંથી 37 ભાજપના છે, પરંતુ 10 કુકી ધારાસભ્યો નવી સરકારમાં જોડાવા તૈયાર નથી, જેના કારણે સર્વસંમતિ બનાવવી અઘરી બની છે.

એન. બિરેન સિંહના રાજીનામા પછી ભાજપમાં જ નેતૃત્વ માટે આંતરિક ખેંચતાણ ચાલી રહી છે. સંબીત પાત્રા જેવા ભાજપના કેન્દ્રીય નેતાઓએ રાજ્યના ધારાસભ્યો સાથે ઘણી બેઠકો કરી, પરંતુ કોઈ એક નામ પર સર્વસંમતિ સધાઈ શકી નથી. પક્ષમાં બિરેન સિંહ અને સત્યવ્રત કેમ્પ જેવા વિવિધ જૂથો છે, જે બધાને સંતોષી શકે તેવા નેતાની પસંદગીને મુશ્કેલ બનાવે છે.

ભાજપ માટે આ રાજ્ય માથાનો દુખાવો બન્યું છે. વિપક્ષ આરોપ પણ મુકે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યની આટલી ખરાબ હાલત છતાં એકવાર પણ મુલાકાત લીધી નથી અને એ કારણે ભાજપને નુકસાન થયું છે. ગઈ લોકસભા ચૂંટણીમાં ભાજપ મણિપુરની બંને બેઠકો હારી ગયું હતું, જે દર્શાવે છે કે રાજ્યમાં પક્ષની લોકપ્રિયતા અને અસર ઘટી છે. અને હવે રાષ્ટ્રપતિ શાસના લંબાવાતા ફરી કેન્દ્ર સરકાર અને ભાજપ ટીકાનો ભોગ બનશે. સંસદ ચાલુ છે અને ત્યાં પણ આ મુદો ચર્ચિત બનશે.

### પ્રાથમિક શિક્ષણની કોઈને પડી નથી!

ગુજરાત હોય કે રાજસ્થાન કે પછી યુપી. બધે પ્રાથમિક શિક્ષણની એક હાલત છે અને બહુ ખરાબ છે. રાસ્જથાનમાં હમણાં એક સ્કૂલની છત પદ અને સાત વિદ્યાર્થીઓ મુર્ત્યું પામ્યા એ મુદે ચર્ચા થઈ અને રાજસ્થાન સરકાર એકાએક જાગી ગઈ અને હવે રાજ્યમાં જર્જરિત શાળાઓનું મરામત કામ કરવા બજેટ અપાયું છે પણ આ પ્રશ્ન માત્ર રાજસ્થાનનો નથી. ગુજરાતમાં પણ આ જ હાલત છે. ઘણી શાળા જર્જરિત છે. પ્રાથમિક શાળામાં ભૌતિક સુવિધાથી માંડી શિક્ષકની કમી જોવા મળે છે. ગુજરાતમાં લગભગ 40,000 પ્રાથમિક શિક્ષકોની કમી છે અને સરકારે કેવો નિર્ણય હમણા લીધો? નિવૃત શિક્ષકોને જવાબદારી સોંપવી. અરે નોકરી માટે કેટલાય યુવાનો રાહમાં છે. લાયકાત ધરાવે છે એમની નિયુક્તિ કેમ નહીં? વિરોધ થયો એટલે રાજ્ય સરકારે પરિપત્ર પાછો ખેંચ્યો. અરે! હમણાં એક ધર્મસ્થાનમાં વીવીઆઈપી આવે તો એની સરભરા કરવા માટે શિક્ષકોને ફરજ સોંપાઈ. એનો વિરોધ થયો એટલે હુકમ પાછો ખેંચાયો.

યુપીમાં પાંચ હજાર શાળાઓ બંધ કરીને બાજુની શાળામાં મર્જર કરવાના નિર્ણયનો વિરોધ થઈ રહ્યો છે. વિપક્ષે આરોપ મુક્યો છે કે, સરકાર આ શાળા બંધ કરીને એ વિસ્તારમાં દારૂની દુકાન ખોલાવે છે. ૨૮ લાખ બાળકોએ શાળા છોડી છે. ગુજરાતમાં પણ આવું બની રહ્યું છે. કેટલાક નિયમ છે. એક કે ત્રણ કિલોમીટરમાં બીજી શાળા હોય અને વિદ્યાર્થીઓની સંખ્યા અમુક કરતા ઓછી હોય તો એને બંધ કરી નજીકની શાળામાં મર્જર કરી દેવાય છે. આ કારણે બાળકો શાળા છોડે છે એવું અનેક કિસ્સાઓમા જોવા મળ્યું છે અને ગુજરાતમાં તો એક કૌભાંડ એવું ય ચાલે છે કે, શાળામાં બોગસ વિદ્યાર્થીઓ દર્શાવાય છે જેથી શાળા બંધ ના થાય અને શિક્ષકોને અન્યત્રે નોકરીએ જવું ના પડે. રાજકોટ અને અન્ય વિસ્તારોમાં આવા કિસ્સા બહાર આવ્યા છે. પ્રાથમિક શિક્ષણ એ પાયો છે અને એ જ મજબૂત ના હોય તો શિક્ષણની શી દશા થાય એ ભારતના કેટલાક રાજ્યોમાં જોવા મળી રહી છે. ગુજરાતમાં ૨૦૧૯-૨૦માં તો એક અહેવાલ મુજબ ૬૦૦૦ શાળાઓ બંધ કરવાની વાત હતી. આજે શું સ્થિતિ છે એના ચોક્કાસ આંકડા મળતા નથી પણ પ્રાથમિક શિક્ષણમાં ગુજરાત ઉતરતા ક્રમે છે. રાજસ્થાન, યુપી, બિહાર જેવા રાજ્યોમાં પણ એવી જ સ્થિતિ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ઓપરેશન સિંદુર પર ચર્ચામાં મોદી વિ. રાહુલ: જનતાએ હજુ નિર્ણય કર્યો નથી

## રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

**મોદીના સંબોધનમાં મોટાભાગે પંડિત જવાહરલાલ નેહરુ અને ગાંધી પરિવાર દ્વારા તેમની ઐતિહાસિક નિષ્ફળતાઓ માટે ટીકા કરવા પર આધારિત હતું, રાહુલ ગાંધી વધુ સુસંગત અને ખાતરીપૂર્વક હતા, તેમણે પોતાનામાં ઘણો સુધારો દેખાડ્યો**

બંને ગૃહો ઓપરેશન સિંદૂર - કારણો અને પરિણામો પર ચર્ચા કરવા માટે તૈયાર હતા. અચાનક યુદ્ધવિરામ સહિત કેટલાંક સંદર્ભમાં ઘણા પ્રશ્નો ઊભા હતા. નરેન્દ્ર મોદી સરકારની શરૂઆતની અનિચ્છા પછી લોકસભામાં 16 કલાકની ચર્ચા અને ત્યારબાદ રાજ્યસભામાં, સફળતાની ઉજવણી અને નિષ્ફળતાઓ નહીં તો ખામીઓનો સ્વીકાર કરીને દેશવાસીઓ સમક્ષ વધુ વાસ્તવિક ચિત્ર આવવાની આશા જગાવી કારણ કે શાસક સરકારના શબ્દકોશમાં આ નિષ્ફળતા જેવો શબ્દ અસ્તિત્વમાં નથી. હા, સુરક્ષા દળોની શાનદાર ભૂમિકાની ઉજવણી વાજબી રીતે યોગ્ય છે. પહલગામ ત્રાસવાદી હુમલા પર આત્મનિરીક્ષણ કરવાની પણ એટલી જ જરૂર છે.

જેટલી તેને દૂર કરવા માંગે છે તેટલી જ મોદી વિરુદ્ધ રાહુલ ગાંધીની સ્પર્ધા દિવસેને દિવસે અનિવાર્ય બનતી જાય છે. સંસદના બંને ગૃહોમાં, શાસક અને વિપક્ષી પક્ષોમાંથી, બંને પક્ષોના અનેક વક્તાઓએ ચર્ચામાં ભાગ લીધો હતો અને અંતિમ ધ્યાન વડા પ્રધાન અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા પર કેન્દ્રિત થયું હતું.

બંને નેતાઓએ મુદ્દાઓ ઉઠાવ્યા - રાહુલ ગાંધી પહેલા બોલ્યા અને મોદી તેમના પછી - એક પ્રકારની લડાઈ વ્યવસ્થિત હતી, કોણે શું કહ્યું અને દિવસના અંતે કોણ શ્રેષ્ઠ બન્યું, તેનું મૂલ્યાંકન ક્રમમાં છે. મોદીની વાણી કુશળતા દ્વારા સમર્થિત, માસ્ટરફુલ વૉઈસ-મોડ્યુલેશન અને વચ્ચે વિચારશીલ વિરામ સાથે વિરામચિહ્નો. તેમણે તેમની દલીલો અને દાવાઓને તેમની અજોડ અને કંઈક અંશે, એક દાયકાના અંતે, અનુમાનિત શૈલીમાં બળપૂર્વક રજૂ કરવાનો પ્રયાસ કર્યો જે એક હદ બાદ કંટાળો લાવે છે. પંડિત જવાહરલાલ નેહરુ અને ગાંધી પરિવાર દ્વારા તેમની ઐતિહાસિક નિષ્ફળતાઓ પર ટીકા કરવી, કોંગ્રેસ અને સરદાર પટેલ, ભારત-પાક સંઘર્ષના લાભ અને નુકસાનના મુખ્ય મુદ્દા અને તેથી પણ અચાનક યુદ્ધવિરામથી ધ્યાન હટાવવાના માધ્યમ તરીકે, ઓછા અસરકારક સાબિત થયા. મોદીએ તેમના 90 મિનિટના ભાષણમાં શું કહ્યું? શું સ્વાભાવિક રીતે સરકારે ‘ઓપરેશન સિંદૂર’નો બચાવ કરવાનો હતો, જે સરકાર અને ભાજપના મુખ્ય એજન્ડાને અને તેના દ્વારા હિન્દુત્વ સમર્થકોને ફરીથી જીવંત કરવાનો અને પહલગામ આતંકવાદી હુમલા પછી વિરોધ પક્ષો અને નાગરિક સમાજના ટીકાકારો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ હતો?

મોદી ગૃહમાં ભાષણ આપે તે પહેલાં, ભાજપના નેતૃત્વ હેઠળના શાસક એનડીએનાં નેતાઓએ ‘ઓપરેશન સિંદૂર’નો જોરશોરથી બચાવ કર્યો, જેનો સામાન્ય સાર કોંગ્રેસ પર તેના રાષ્ટ્રવિરોધી વલણને યોગ્ય રીતે ન ઉઠાવવાનો હતો. મુખ્ય વિપક્ષ અને તેના નેતા સામે આ કાળજીપૂર્વક ગોઠવાયેલા તીખા સવાલો પરાકાષ્ઠાએ હતા. ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ પર તૃતીય પક્ષની ભૂમિકા ભજવવાનો વારંવાર દાવો કરનારા યુએસ-પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓ દ્વારા ભારત વિરુદ્ધ પાકિસ્તાનને ટેકો આપવામાં ચીન દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકા સહિત અન્ય ચિંતાઓનો ઉકેલ આવ્યો નથી.

ઓપરેશન સિંદૂર પર પીએમ મોદીએ ઉઠાવેલા મુખ્ય મુદ્દાઓ - ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરવામાં ટ્રમ્પના હસ્તક્ષેપ અંગે શંકાઓને દૂર કરવાનો પ્રયાસ કર્યો. ‘વિશ્વના કોઈ પણ નેતાએ ભારતને તેનું ઓપરેશન બંધ કરવા કહ્યું નથી’, એમ કહ્યું. તેમણે એમ પણ કહ્યું કે પાકિસ્તાને યુદ્ધવિરામની વિનંતી કરી હતી અને અમેરિકા સહિત કોઈ ત્રીજા દેશ તરફથી કોઈ હસ્તક્ષેપ કરવામાં આવ્યો ન હતો.

મોદીએ કહ્યું કે જ્યારે મોદીએ જેડી વાન્સનો ફોન સાંભળ્યો, ત્યારે વાન્સે પાકિસ્તાનના ભારત પરના આયોજિત હુમલા વિશે તાત્કાલિક ગુપ્ત માહિતી આપી. ‘મેં જે જવાબ આપ્યો તે એ હતો કે ‘જેઓ સમજી શકતા નથી તેઓ સમજી શકશે નહીં કે જો પાકિસ્તાનનો આ ઈરાદો હશે, તો તે તેમને મોંઘુ પડશે. અગર પાકિસ્તાન હમલા કરેગા, હમ બડા હમલા કર કે જવાબ દેંગે. મેં આગળ કહ્યું કે અમે ગોળીનો જવાબ બોમ્બથી આપીશું’, એમ વડા પ્રધાને ગૃહને જણાવ્યું. તેમણે ભારત-પાકિસ્તાન સંઘર્ષ દરમિયાન ઈસ્લામાબાદના વલણની પણ ટીકા કરી.પહલગામ હુમલા પર ટિપ્પણી કરતા તેમણે કહ્યું કે પીડિતોને તેમના ધર્મના આધારે નિશાન બનાવવામાં આવ્યા હતા, જ્યારે ઉમેર્યું કે આ ઘટના સાંપ્રદાયિક તણાવના બીજ વાવવાનો પ્રયાસ હતો. કોંગ્રેસ પર કટાક્ષ કરતા વડા પ્રધાને કહ્યું કે ભારતને બ્રિક્સ અને QUAD તરફથી સમર્થન મળ્યું છે પરંતુ કોંગ્રેસ પાર્ટી તરફથી નહીં. તેમણે ઉમેર્યું કે 193 દેશોમાંથી ફક્ત 3 દેશો પાકિસ્તાન સાથે ઊભા છે.

સિંધુ જળ સંધિને નેહરુની સૌથી મોટી ભૂલ ગણાવતા, મોદીએ કહ્યું કે ભારતના પ્રથમ વડા પ્રધાન એવી રાજદ્વારી જાણતા હતા જેમાં ખેડૂતો માટે કોઈ સ્થાન નહોતું. તેમણે એવો પણ દાવો કર્યો કે જવાહરલાલ નેહરુએ સિંધુ જળ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા એટલું જ નહીં, પરંતુ તેમણે ડેમ બનાવવા માટે ઈસ્લામાબાદને પૈસા પણ આપ્યા હતા. સતત હુમલાઓથી ત્રાસી રહેલા ભારતને પાકિસ્તાનને ‘મોસ્ટ ફેવર્ડ નેશન’નો દરજ્જો આપવા બદલ મોદીએ કોંગ્રેસ પાર્ટીની ટીકા કરી. ચર્ચા દરમિયાન આ કાળજીપૂર્વક રચાયેલ ‘હસ્તક્ષેપ’ હતો જેનો સ્પષ્ટ હેતુ વિપક્ષને ભેદવાનો હતો, જે તેઓ ભૂતકાળમાં સફળતાપૂર્વક કરી ચુક્યા હતા, પરંતુ તેમના પ્રહારોમાં સૌથી વધુ નુકસાન પહોંચાડતી જગ્યાએ ટાર્ગેટ ક્ષમતા અને શક્તિનો અભાવ હતો. ઈતિહાસનો આશ્રય લેવાથી, અથવા તેમના મૃત્યુના 61 વર્ષ પછી દેશને પીડિત બધી બિમારીઓ માટે નેહરુને દોષી ઠેરવવાની વ્યૂહરચનાથી, લોકોના મન પર નજીવી અસર પડી હોય તેવું લાગતું હતું.

રાહુલ ગાંધી 40 મિનિટનાં ભાષણમાં: રાહુલ ગાંધીએ કરેલા પ્રહારો વધુ દુ:ખદાયક હતા અને મોદી, અમિત શાહ અને રાજનાથ સિંહ દ્વારા કરવામાં આવેલા સંયુક્ત બચાવ દ્વારા તેમની અસરને ઓછી કરી શક્યા નહીં. અલબત્ત, વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરનો પણ હસ્તક્ષેપોમાં ભાગ હતો. રાહુલે વડા પ્રધાન સમક્ષ યુદ્ધવિરામ લાવવા માટે હસ્તક્ષેપના ટ્રમ્પના દાવા પર એક વાત રજૂ કરી. ‘જો ડોનાલ્ડ ટ્રમ્પ ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાન સામેની લશ્કરી કાર્યવાહી રોકવા માટે ભારતને સમજાવવા વિશે ખોટું બોલી રહ્યા છે, તો વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહના ફ્લોર પર અમેરિકન પ્રમુખના નિવેદનને બકવાસને ગણાવવો જોઈએ’, તેમણે કેન્દ્રના રાજકીય નેતૃત્વ પર તીવ્ર હુમલો કર્યો. ઉપરાંત, રાહુલે મોદી સરકાર પર પાકિસ્તાન સામેના હુમલા દરમિયાન સૈન્યના હાથ પીઠ પાછળ બાંધીને તેમને નબળા પાડવાનો આરોપ મૂક્યો. તેમણે આરોપ લગાવ્યો કે ઓપરેશનનો સાચો ધ્યેય રાષ્ટ્રીય સુરક્ષા નહીં પરંતુ વડા પ્રધાનને બચાવવાનો હતો, જેમના હાથ પર ‘પહલગામના લોકોનું લોહી છે.’ વધુમાં, મોદી પર નિશાન સાધતા તેમણે કહ્યું, ‘દેશ તમારી છબી, તમારા રાજકારણ અને તમારા પીઆર (પબ્લિક રિલેશન) થી ઉપર છે. તેને સમજવાની નમ્રતા રાખો, તેને સમજવાની ગરિમા રાખો અને તમારા પોતાના નાના રાજકીય ફાયદા માટે સશસ્ત્ર દળો અને રાષ્ટ્રીય હિતનું બલિદાન ન આપો.’

‘ભારતે કેમ યુદ્ધ બંધ કર્યું?’ શાસક સરકારની શક્તિ રાહુલ ગાંધી દ્વારા પૂછવામાં આવેલા આ પ્રશ્નને રોકી શકી નહીં, જે તેમને સતાવી રહી હતી. તેમણે નિર્દેશ કર્યો કે ભારતે ઓપરેશન સિંદૂરની માત્ર 22 મિનિટમાં યુદ્ધવિરામની માગ કરી હતી અને સરકાર પર ‘અડધા કલાકમાં આત્મસમર્પણ’કરવાનો આરોપ લગાવ્યો હતો.

બે મોડેલ કાર્યરત હતા જે આગળ આવી રહેલી ચૂંટણીઓનો સંકેત આપતા હતા. મોદીએ, તેમની ઉગ્રતા છતાં, ઈતિહાસમાં આશ્રય મેળવવાના મોડેલને અનુસર્યું, તેઓ થાકેલા અને પોતાને ફરીથી શોધવામાં હતા. બીજી બાજુ, રાહુલ ગાંધી વધુ સુસંગત અને મક્કમ હતા, તેમણે પોતાનામાં ઘણો સુધારો દેખાડ્યો. તે ખરેખર તેમને ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટીના ભાવિને મજબૂત બનાવવામાં કેવી રીતે મદદ કરશે?.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ભોજન ક્યારે કરવું અને ભોજનમાં શું ખાવું?

જમવાના સમય હંમેશ નિશ્ચિત રાખવો. દિવસની શરૂઆત વહેલી સવારે ઊઠીને લીંબુ, મધ આદુનો રસ હુંફાળા પાણીમાં નાખી પી જવું. આ શ્રેષ્ઠ ડીટોક્ષીફાઈંગ ડ્રીંક છે. સવારે 7 થી 9 વાગ્યા સુધીમાં નાસ્તો કરી લો. નાસ્તામાં ચા-દૂધ-કોફી, ખાખરા, ઓટમીલ, પાંચ કાજુ-બદામ, ફણગાવેલા મગ, ઈંડુ, એક ફળ. બપોરે 11 વાગ્યે 1 ગ્લાસ મીઠા વગરની છાશ. (મરીનો ભૂકો નાખો). 12.30 થી 2- આ સમય દરમ્યાન ચયાપચયની ક્રિયા ઝડપી હોય છે. બપોરના ભોજનમાં બે રોટલી /રોટલો, એક વાટકી શાક, એક વાટકી કઠોળ, એક વાટકી ભાત, એક વાટકી દાળ/કઢી, દહીં, કચુંબર (મીઠા વગરની). સાંજે ચારથી પાંચ વાગ્યાના સમય દરમ્યાન ચા/ખાખરો/બીસ્કીટ. રાત્રે સુવાનાં ઓછામાં ઓછા 2-3 કલાક પહેલાં જમી લેવું. 7 થી 8 વાગ્યાનો સમય ડિનર માટે શ્રેષ્ઠ છે. મોડું જમવાથી સ્ટ્રેસ હોરમોન પણ ઉત્પન્ન થાય છે. ઊંઘ પણ ઓછી આવે છે. ડિનરમાં બે રોટલી અથવા રોટલાનું એક ચાણકું, એક વાટકી શાક, એક વાટકી કઠોળ, ખીચડી- કઢી. વયસ્ક લોકોએ ડિનર ખૂબ જ હળવું લેવું. રાત્રે સુતી વખતે 1 ગ્લાસ દૂધ + 1/2 ચમચી હળદર. કેટલીક અગત્યની સૂચનાઃ (1) જમતી વખતે ટીવી જોવું નહીં. (2) ઘી-તેલ-ચાર ચમચી (3) રોજ 1-2 ચમચી ખાંડ/ગોળ. (4)હાઈ બ્લડ પ્રેસર, હાર્ટ ડીસીઝ, સ્ટ્રોક, લીવર, કીડનીના રોગીઓએ અથાણા-પાપડ ખાવા નહીં. (5) ફળોનો ઉપયોગ છાલ સાથે કરવો. (6) ડાલ્ડા ઘી, વનસ્પતિ ઘી, માર્ગેરીન, માયોનીઝનો ઉપયોગ કરવો નહીં. (7) જમતી વખતે પાણી ન પીવું. જમ્યાના 1/2 કલાક બાદ પાણી પીવું. (9) રોજ 2-4 કળી લસણની ખાવી. આરોગ્ય માટે ઉત્તમ છે.

યુ.એસ.એ. - ડૉ. કિરિટ.એન.ડુમસિયા

## મહિલા અને બાળકોની તસ્કરી

જો કોઈ બાળક કોઈ પુખ્ત વયની વ્યક્તિ સાથે ભીખ માંગતો જોવા મળે છે તો તેમના કૌટુંબિક સંબંધો ચકાસવા માટે પંજાબ સરકાર ડીએનએ પરિક્ષણ કરશે. જ્યાં સુધી પરિણામો ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી બાળક બાળકલ્યાણ સમિતીઓની દેખરેખ હેઠળ બાળ સંભાળ સંસ્થામાં રહેશે. જો ડીએનએ ટેસ્ટમાં ખાતરી થશે કે પુખ્ત વ્યક્તિ તેમની સાથે રહેલા બાળક સાથે સંબંધિત નથી તો તે વ્યક્તિ સામે પંજાબ સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. બાળકની તસ્કરીની જેમ સ્ત્રીઓની તસ્કરી પણ દેશમાં બેરોકટોક થઈ રહી છે. મહારાષ્ટ્રમાં વર્ષ 2019 થી 2021 દરમ્યાન આશરે એક લાખ જેટલી મહિલાઓ ગુમ થઈ ગઈ છે. આ બાબતે બોમ્બે હાઈકોર્ટમાં એક પીઆઈએલ થઈ હતી. જેમાં માત્ર ત્રણ વર્ષમાં એક લાખ સ્ત્રીઓની શોધવા વિશેષ તપાસ અભિયાન ચલાવવા સરકારને આદેશ આપવાની આ પી.આઈ. એલ.માં માંગ કરેલ છે. મુંબઈમાં દર મહિને સેંકડો બાળકો ગુમ થાય છે, તેમાંના કેટલાક ગરીબાઈને કારણે ઘર છોડી દે છે, કેટલાકને સંગઠીત ટોળકીઓ ઉપાડી જાય છે અને તેમના પર જુલમ વરસાવીને ભીમ માંગતા કરી દે છે, જ્યારે કેટલાક નશીલા દ્રવ્યોની રવાડે ચડી જાય છે અથવા દેહ વ્યવસાયમાં ધકેલાય છે. કેન્દ્ર સરકારે તેમજ સંબંધનું રાજ્ય સરકારોએ આ ગુમ થઈ રહેલ સ્ત્રીઓ, છોકરીઓ અને બાળકો બાબતે ત્વરીત તપાસ કરીને સંબંધીત જવાબદારો સામે દાખલારૂપ કડક પગલાઓ લેવાની જરૂર હોય એમ લાગે છે.

સોલા, અમદાવાદ- પ્રવીણ રાઠોડ

## બાળકોને સમજાવો નહીં, સમજો...

કોઈ નાનું બાળક રડતું હોય કે તોફાન મસ્તી કરતું હોય તો મા તેને શાંત પાડવા માટે સમજાવે કે ધમકાવે છતાં ન સમજે તો મારપીટ કરતી હોય છે. આ બધું ખોટું છે. બાળકને સમજાવો નહીં પરંતુ પ્રેમથી તેની તકલીફ સમજો. બાળક જો વધુ રડતો હોય તો તેની તકલીફ જાણવા માટે ડૉક્ટર પાસે લઈ જાવ. પહેલાંના જમાનામાં બાળક રડતું હોય તો મા તેને પારણામાં ઝુલાવતી અને હાલરડું ગાતી એટલે બાળક સૂઈ જતો, આજના આધુનિક જમાનાની યુવતીઓ લગ્ન કર્યા પછી મા બને અને જે સંતાન પેદા થાય તેને કેવી રીતે રમાડવું. પાલન કરવું તે નથી આવડતું અરે! બાળકને સુવડાવવા માટેનું હાલરડું તો ભુલાય જ ગયું અને બાળકને સુવડાવવા માટે હાથમાં મોબાઈલ આપી દે છે. પછી સંસ્કાર ક્યાંથી જન્મે, આમ બાળકોને સમજાવો નહીં પરંતુ સમજવાનો પ્રયત્ન કરો.

તરસાડા, માંડવી- પ્રવીણસિંહ મહિડા

## તમારુ બાળક તમારા વિશે શું વિચારતું હશે?

એક બાળક એવું વિચારતો હશે કે મને આ દુનિયાના બધા માતા-પિતાને ફરીથી શાળાએ મોકલવા છે. એવી શાળા જ્યાં સાચા માતા-પિતા બનવાનું શિક્ષણ મળતું હોય, જ્યાં એ માતા-પિતાને સંમોહિત કરીને હું એમને એમનું બાળપણ યાદ કરાવું. રોજ એમની પાસેથી પચાસ વાર લખાવું કે વરસાદમાં નાહવાથી શરદી થતી નથી કે તડકે રમવાથી લૂ લાગતી નથી કે ધૂળમાં રમવાથી કોઈ બિમારી થતી નથી. માતા-પિતાને ખબર હોવી જોઈએ કે હોળીનાં તાપણે, ઉત્તરાયણમાં અગાશીએ કે જન્માષ્ટમીની રાતે અને દિવાળીની આતશબાજી વચ્ચે બાળપણ પાંગરે છે. અમારા માતા-પિતા પાસે મારાથી ય વજનદાર એવું મારું દફતર ઉચકાવું છે. એક હાથમાં નાસ્તાનો ડબ્બો બીજા હાથમાં પાણીની બોટલ પકડાવી છે. મારે માતા-પિતાને કહેવું છે કે જૂઠુ બોલવુ એ પાપ છે. વારંવાર મારા પર હાથ ઉપાડતા મારા માતા-પિતાને સંતાકુકડી રમાડવી છે. મારા માતા-પિતાને એવી સજા કરવી છે જે સમય પહેલા બીજાને પાસેથી તેનું મહામૂલુ બચપણ છીનવી લઈ હાથમાં સ્લેટ પેન પકડાવી દે છે. બાળકની રસ, રૂચિ અને શક્તિને ઓળખીને જ આગળ વધવું જોઈએ. પોતે ક્યારે શાળા કોલેજમાં 50/55 ટકાથી આગળ ગયા ના હોય અને 95 થી 98 ટકા આવવા જ જોઈએ માનનાર મારા માતા-પિતાને શું કરવું? પોતાને બાળકની ઈચ્છા શું છે? બાળક શું ચાહે છે? એ પૂછવાની તકલીફ કેટલા માતાપિતા લે છે?

આંબાવાડી, સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા

## માલદીવ્સ અને અન્ય દેશોને ક્રેડિટ લાઈન વિશે

ભારતે માત્ર માલદીવ્સ ને જ નહીં પરંતુ દુનિયાના 68 દેશોને 32 બિલિયન ડોલરની ક્રેડિટ લાઈન આપી છે, જે ભારતના વિદેશી ભંડોળ (સોના સહિત) ના પાંચ ટકા કરતાં પણ ઓછી છે. સુદાન, બુરુન્દી અને રવાન્ડા સહિતના 42 આફ્રિકન દેશોને કુલ 12 બિલિયન ડોલરની ક્રેડિટ લાઈન આપી છે. બાંગ્લાદેશ, બર્મા(મ્યાનમાર), નેપાળ તથા શ્રીલંકાને કુલ 12.25 બિલિયન ડોલરની ક્રેડિટ લાઈન આપી છે. ક્રેડિટ લાઈન જે હેતુ માટે અપાઈ હોય તે માટે જ તેનો ઉપયોગ થઈ શકે. ઋણી દેશો તો પોતાના દેશોમાં કામ કરતી કંપનીઓને એક નાણાકીય વ્યવસ્થા પૂરી પાડે છે. ક્રેડિટ લાઈન ઉપયોગ કરવા માંગતી કંપનીઓએ જે તે વિદેશમાં રજીસ્ટ્રેશન કરાવી અનેક વિગતો અને માહિતી પૂરી પાડવી પડે છે. યુદ્ધ સામગ્રી ખરીદવા, શેર બજારમાં રોકવા, અન્ય દેશોનું દેવું ચૂકવવા કે શિક્ષણ ક્ષેત્રે કોઈ દેશ વિદેશને ક્રેડિટ લાઈન આપતું નથી. વીજળી ઉત્પન્ન કરવા લોન આપતા તો બેંકો પણ ગભરાય છે, સિવાય કે વીજળી ખરીદ કરાર જે તે દેશ કે રાજ્ય તૈયાર હોય. ભારતને ગંગા સફાઈ માટે વર્લ્ડબેંક તથા જર્મનીની મલ્ટીપલ લોન મળી છે અને વખતોવખત અહેવાલ પ્રસિદ્ધ થાય છે. ખેતીથી કરિયાણાની દુકાન અને ટાંકણીથી માંડીને મશીનરીનો વ્યવસાય ક્રેડિટ લાઈન પર ચાલે છે. ક્રેડિટ લાઈન એક પૂર્વ મંજૂર લોન છે જે ગણતરીપૂર્વકના જોખમ લેવાનું સાહસ આપે છે. ક્રેડિટ લાઈન આપનાર દેશની કંપની ને જ ક્રેડિટ લાઈન લેનાર દેશ બહુધા માળખાગત સુવિધા માટે કામ આપશે કે દેશનો માલ ખરીદશે એ શરતે અપાય છે. સ્થાનિક નાગરિકોને રોજગારી, સ્થાનિક સ્રોત, શોષણ અને ઉપયોગ અને સ્થાનિક નાગરિકોને માળખાગત સુવિધા મળે સાથે જ પોતાના દેશના ઉદ્યોગપતિ કે વ્યવસાયોને પણ કામ મળે છે.

અમદાવાદ - કુમારેશ.કે.ત્રિવેદી